જિલ્લા સ્તરે જૈવવિવિધતા તજજ્ઞ
સમિતિની રચના કરવા બાબત

**ગુજરાત સરકાર**
**વન અને પર્યાવરણ વિભાગ**
**સુધારા ઠરાવ ક્રમાંકઃ- વપસ/૧૦૨૦૧૮/એસ.એફ.-૦૭/ડબલ્યુ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૩૧/૧૨/૨૦૧૮**

**વંચાણે લીધાઃ-**

૧. જૈવ વિવિધતા અધિનિયમ, ૨૦૦૨
૨. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-વપસ/૧૦૨૦૧૮/એસ.એફ.-૦૭/ડબલ્યુ, તા.૦૪/૧૨/૨૦૧૮
૩. સરખા ક્રમાંકની ફાઈલ પરની સરકારશ્રીની મંજુરી

**આમુખઃ-**

ભારત સરકાર દ્વારા પસાર કરેલ જૈવિક વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ મુજબ જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સાતત્યપૂર્ણ ઉપયોગ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ હેઠળની જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ (Biodiversity Management Committees) એ કરવાનો થાય છે. આ અધિનિયમના અમલ માટે કરવાની થતી કેટલીક કામગીરી, જેવી કે જૈવવિવિધતા તેમજ તેના ઉપયોગ બાબતે પરંપરાગત જ્ઞાનનું દસ્તાવેજીકરણ, જૈવસંશોધનનું એકત્રીકરણ, પ્રાથમિક મૂલ્ય-વર્ધન અને સંગ્રહ તથા જૈવવિવિધતા સંરક્ષણ વગેરે, અતિ વિશિષ્ઠ તાંત્રિક પ્રકારની છે. ગ્રામસ્તરની સંસ્થાઓ પોતાની મેળે આવી કામગીરી અસરકારક રીતે કરી શકે તેમ નથી. જેથી જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ(BMC)ના સભ્યોના શરૂઆતમાં કૌશલ્ય અને ક્ષમતા વર્ધન કરવા, લોકોનું જૈવવિવિધતા રજીસ્ટર(PBR) તૈયાર કરવા અને જૈવવિવિધતા સંરક્ષણ બાબતે આયોજન કરવા જેવી તાંત્રિક બાબતોમાં મદદરૂપ થવા માટે જિલ્લા સ્તરે જૈવવિવિધતા તજજ્ઞ સમિતીની રચના ઉપર વંચાણે લીધેલ-૨ના તા.૦૪/૧૨/૨૦૧૮ના ઠરાવથી કરવામાં આવેલ છે. પ્રસ્તુત સમિતિમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાના અંતે જિલ્લા સ્તરે જૈવવિવિધતા તજજ્ઞ સમિતિમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

## ઠરાવ

જૈવિક વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ના અસરકારક અમલ માટે દરેક જિલ્લામાં વંચાણે લીધા-૨ના તા.૦૪/૧૨/૨૦૧૮ના ઠરાવથી રચવામાં આવેલ જૈવવિવિધતા તજજ્ઞ સમિતિના સભ્ય તરીકે નીચે દર્શાવેલ અનુક્રમ મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૪ | જિલ્લા ખેતિવાડી અધિકારીશ્રી (સંબંધિત જિલ્લા પંચાયત) | સભ્ય |
| ૫ | જિલ્લા પશુપાલન અધિકારીશ્રી (સંબંધિત જિલ્લા પંચાયત) | સભ્ય |
| ૭ | સંબંધિત નાયબ નિયામકશ્રી અથવા જે તે જિલ્લા માટે તેમના દ્વારા નિયુક્ત તેમના તાબાના મત્સ્ય વિભાગના યોગ્ય અધિકારીશ્રી | સભ્ય |

૨. અન્ય શરતો/જોગવાઈઓ વંચાણે લીધા–૨ ના તા.૦૪/૧૨/૨૦૧૮ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એમ. સૈયદ)
**અધિક સચિવ**
વન અને પર્યાવરણ વિભાગ

**પ્રતિ**
સર્વે જિલ્લા પંચાયત (**ચેરમેનશ્રી**, ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ મારફતે)

**નકલ સવિનય રવાના:**

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)(સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, પશુપાલન, ગૌ–સંવર્ધન, મત્સ્ય અને સહકાર વિભાગ, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HOFF), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(WL), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- ચેરમેનશ્રી, ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ, અરણ્ય ભવન, ગાંધીનગર
- સભ્યસચિવશ્રી, ગુજરાત જૈવવિવિધતા બોર્ડ, અરણ્ય ભવન, ગાંધીનગર
- સમિતિના સંબંધિત સભ્યો (ચેરમેનશ્રી, ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ મારફતે)
- સિસ્ટમ મેનેજર, IWDMS વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ
- સિલેક્ટ ફાઈલ